અપીલ અરજી નં.૧૮૦ તા.૯–૯–૦૯/૧૦

અરજદારઃ– શ્રી રાકેશકુમાર ડાહયાભાઈ જરીવાલા

સામાવાળાઃ– ડે.કમિશ્નર(પઅનેઈ)અને જાહેર માહિતી અધિકારી(કતારગામઝોન)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :–*** આરટીઆઈ એકટ હેઠળ શ્રી રાકેશકુમાર ડાહયાભાઈ જરીવાલાની તા.૪–૮–૦૯ ની અરજીથી માઈક્રો મેટાલીક મેન્યુ ફેકચરીંગ સ્વામીનારાયણ ઈન્ડ રોડ નં.૬, નગીનાવાડી પાસે,કતારગામ, સુરતપેઢીનું ગુમાસ્તાધારા કાયદા હેઠળ લાયસન્સ ધરાવે છે કે કેમ? તે કયારથી વપરાશ કરે છે વપરાશ કરતાનું નામ અને સરનામું આપવા બાબત

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૯–૯–૦૯ ની અપીલ અરજી નં.૧૮૦/૨૦૦૯–૧૦

શ્રી રાકેશકુમાર ડાહયાભાઈ જરીવાલાની તા.૪–૮–૦૯ ની અરજીથી માઈક્રો મેટાલીક મેન્યુ ફેકચરીંગ સ્વામીનારાયણ ઈન્ડ રોડ નં.૬, નગીનાવાડી પાસે,કતારગામ, સુરતપેઢીનું ગુમાસ્તાધારા કાયદા હેઠળ લાયસન્સ ધરાવે છે કે કેમ? તે કયારથી વપરાશ કરે છે વપરાશ કરતાનું નામ અને સરનામું આપવા બાબતે ડે.કમિશ્નર (પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોનના પત્ર થી આપેલ માહિતી પુરી ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૯–૯–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૬૪૮ તા.૧૬–૯–૦૯ થી ડે.કમિશ્નર(પઅનેઈ)અને જાહેર માહિતી અધિકારી(કતારગામઝોન)અને અરજદારને મુળ અરજીની નકલ તથા અરજી ફી ભર્યાની પહોંચ અને જાહેર માહિતી અધિકારી તરફથી મળેલી વિગતો રજૂ કરવા અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો રજૂ કરેલ નથી. જયારે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નોર્થઝોન/આ.નં.૪૧૯૨ તા.૨૫–૯–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં નોંધ વિભાગ, અરજદારને પાઠવેલ પત્ર નં.એન.ઝેડ/આ.નં.૩૧૭૪ તા.૨૧–૮–૦૯ ના પત્રની નકલ, તથા સેન્ટ્રલઝોનમાંથી નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૬૦૪ તા.૭–૮–૦૯ થી તબદીલ થયેલ પત્રની નકલ તથા અરજદારની મુળ અરજી, અને ફી ભર્યાની વિગતો તથા ગુમાસ્તાધારા નિરીક્ષક તરફથી કરેલ તા.૧૯–૯–૦૯ ની સ્થળ તપાસની નકલ રજૂ કરેલ છે.

અરજદારની તા.૪–૮–૦૯ ની અરજીથી ઉપરોકત વિષયમાં જણાવેલ વિગતે માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી એન.ઝેડ/આ.નં.૩૧૭૪ તા.૨૧–૮–૦૯ થી " માંગવામાં આવેલ સંસ્થા માઈક્રો મેટાલીક મેન્યુફેકચરીંગની માહિતી દફતરી રેકર્ડ ઉપર ઉપલબ્ધ ન હોવાથી તે અપવાનો પ્રશ્ન રહેતો નથી." તેવી માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જેના અનુસંધાને અરજદારે મળેલ જવાબથી નારાજ થઈ તા.૯–૯–૦૯ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેના સંદર્ભે અપીલ તબકકે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી આપેલ પૂરક વિગતોમાં ગુમાસ્તા નિરીક્ષકની તા.૧૯–૯–૦૯ ની સ્થળ નિરીક્ષણની નોંધની નકલ તથા તે અંગે નોંધ વિભાગ પૂરો પડાયેલ છે. જેમાં સંસ્થાનું નામ માઈક્રો મેટાલીક મેન્યુફેકચરીંગ માલિકનું નામ ઉદયરામ આત્મારામ ધારીયા, સરનામું– કતારગામ સ્વામીનારાયણ કંમ્પાઉન્ડ, પ્લોટ નં.૬, પહેલો માળ, સુરત જણાવેલ છે. સ્થળ તપાસ વખતે સંસ્થાના માલિક હાજર ન હોવાથી ગુમાસ્તા નોંધણી પ્રમાણપત્ર તથા જરૂરી દફતરો તથા અન્ય ક્ષતિપૂર્તતા અંગે લેખિત નોંધ આપવામાં આવેલ છે. જો સમય મર્યાદામાં ક્ષતિપૂર્તતા ન થશે તો નામદાર મ્યુ. કોર્ટમાં ફરીયાદી પગલા લેવામાં આવશે તેવી વિગતો પૂરક વિગતોમાં અત્રે પૂરી પાડવામાં આવેલ છે.

આરટીઆઈ કાયદાની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ માહિતી આપવાની જોગવાઈ છે. અરજીની તારીખે દફતરી ઉપલબ્ધ માહિતી જાહેર માહિતી અધિકારીએ પૂરી પાડેલ જણાય છે. અરજદારે અપીલ અરજીમાં ટેના નં.૧૫બી–૦૯–૦૦૦૧–૦–૪૮ ધ્વારા કોર્પોરેશનની માહિતીની અલાયદી રજૂઆત અપીલ તબકકે કરેલ છે. જેમાં મુળ અરજીમાં સમાવેશ ન હોઈ અપીલ તબકકે અપીલનું કારણ ઉત્પન્ન થતું નથી.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૪–૮–૦૯ ની અરજીથી માંગેલ દફતરી હકીકતલક્ષી માહિતી જે તે સમયની અરજદારને પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ હુકમ કરવાનો રહેતો નથી. સ્થળ તપાસ કરીને માહિતી આપવાની અરજદારની રજૂઆત આરટીઆઈ કાયદાની જોગવાઈ સાથે સુસંગત ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦ – ૦૯

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી, (કતારગામઝોન), ..... જાણ તથા અમલ માટે

(૨) શ્રી રાકેશકુમાર ડાહયાભાઈ જરીવાલા,